જિ.પં.આરોગ્ય/કે-૧૧/ટેકનીકલ/ ડીફથેરીયાકેશઅટકાયતી પગલા/વશી/૨૦૧/૨૦૧૯
જિલ્લા પંચાયત બનાસકાંઠા,પાલનપુર
તા. ૨૧.૧૦.૨૦૧૯

પ્રતિ,

૧. આચાર્યશ્રી,
પ્રાથમિક /-માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા

૨. મુખ્ય સેવિકા

**વિષયઃ-** શંકાસ્પદ અથવા કન્ફર્મ ડીફ્થેરીયાના કેસમાં કરવાની થતી કામગીરી

**સંદર્ભઃ** ભારત સરકારની વેક્સીન અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ની વેક્સીન પ્રિવેન્ટબલ ડીસીસ અંગેની ૨૦૧૯ ની માર્ગદર્શિકા

ઉપરોક્ત વિષયે આપશ્રીને જણાવવાનું કે હાલમાં બનાસકાંઠા જિલ્લામાં શંકાસ્પદ અને કન્ફર્મ ડીફ્થેરીયાના કેસો જોવા મળી રહ્યા છે. તેમાં અમુક બાળકોના મરણ થયેલ છે. તે બાબતની ગંભીરતા લઇ નીચે પ્રમાણેની કામગીરી આપના ત્યાં કરાવવા વિનંતી છે.

**શાળાના આચાર્ય દ્વારા કરવાની થતી કામગીરીઃ-**

- શાળામાં આવતા બાળકોને શરદી ખાંસી,તાવ,ગળામાં દુખાવો જેવા લક્ષણો દેખાય તો નજીકના પ્રા.આ.કેન્દ્ર/ સી.એચ.સી નો સંપર્ક કરી તેમને બાળકના નામ સાથેની માહીતી પહોંચડવાની રહેશે.
- પી.એચ.સી.એમ.ઓ/આર.બી.એસ.કે. મે.ઓ. દ્વારા આપની શાળામાં નોંધાયેલ શંકાસ્પદ/કન્ફર્મ કેસનો બાળકોની માહીતી આપની સાથે આપલે કરવામાં આવે ત્યારે તેના સંપર્કમાં આવેલા બાળકોનુ રસીકરણ પી.એચ.સી મે.ઓ. દ્વારા મોકલવામાં આવેલી નિષ્ણાત ટીમ દ્વારા કરાવવાનું રહેશે. તે માટે શાળા માં જરૂરી બેઠક વ્યવસ્થા કરી આપવાની રહેશે.
- રસીકરણ કરતા સમયે તેજ શાળાના બીજા બે બાળકો ને કાઉન્સલીંગ માટે ઉભા રાખવાના રહેશે. જેથી રસી લેનાર બાળક ગભરાય નહી અને તેને માનસીક સાંત્વના મળી રહે.
- આર.બી.એસ.કે/ રસીકરણ ટીમ દ્વારા આપવામાં આવતી ટેબલેટ Azithromycin નો ડોઝ શંકાસ્પદ/ કન્ફર્મ બાળકોનાં કોન્ટેકટસ બાળકોને (સંસર્ગમાં આવેલ તમામ બાળકો) અપાવવાનો રહેશે.

**સી.ડી.પી.ઓ./મુખ્ય સેવિકા/એન.એન.એમ/આંગણવાડી કાર્યકર /તેડાગરની જવાબદારી**

- આંગણવાડી માં આવતા બાળકોને શરદી ખાંસી,તાવ,ગળામાં દુખાવો જેવા લક્ષણો દેખાય તો નજીકના પ્રા.આ.કેન્દ્ર/ સી.એચ.સી નો સંપર્ક કરી તેમને બાળકના નામ સાથેની યાદી પહોંચાડવાની રહેશે.
- રસીકરણ કરતા સમયે તેજ આંગણવાડી કેન્દ્ર ના બીજા બાળકો ને કાઉન્સલીંગ માટે ઉભા રાખવાના રહેશે. જેથી રસી લેનાર બાળક ગભરાય નહી અને તેને માનસીક સાંત્વના મળી રહે.

Scanned by CamScanner

- આર.બી.એસ.કે/ રસીકરણ ટીમ દ્વારા આપવામાં આવતી ટેબલેટ Azithromycin નો ડોઝ શંકાસ્પદ/ કન્ફર્મ બાળકોનાં કોન્ટેકટસ બાળકોને (સંસર્ગમાં આવેલ તમામ બાળકો) અપાવવાનો રહેશે
- બાળકોની મોબીલાઇઝેશનની જવાબદારી આંગણવાડી-તેડાગરની રહેશે.

<u>પ્રા.આ.કેન્દ્ર ટીમ માટેઃ-</u>

કોન્ટેક્ટ વેક્સીન માટેની રસી લઇ જવાની-લાવવાની જવાબદારી પી.એચ.સી. મે.ઓ.ની રહેશે તે બાબતે પહેલેથી મુખ્ય સેવીકા/આચાર્ય સાથે સંપર્ક કરી કેટલા બાળકોને રસીકરણ આપવાની થાય છે. તેની માહીતી એકત્ર કરી તે પ્રમાણે નો ડોઝ ત્યાં લઇ જવાનો રહેશે.

- રસીકરણ પુર્ણ થયા બાદ બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ નિયમ મુજબ કરવાનો રહેશે.
- દરેક રસીકરણ ટીમ પાસે AEFI કીટ ઉપલબ્ધ કરાવવાની રહેશે.
- જ્યારે રસીકરણ ચાલતુ હોય ત્યારે સી.એચ.સી. અધિક્ષક અને તેમના સ્ટાફને જાણ કરવાની રહેશે.
- જરૂર જણાય ૧૦૮ ઉપયોગ કરવાનો રહેશે તેની જાણ MPHW/FHW/RBSK ટીમને કરવાની રહેશે.
- (PCM+ AZITHROMYCIN) ડોઝ પ્રમાણેની ચિઠ્ઠી લાભાર્થીને આપવાની રહેશે.
- આર.બી.એસ.કે/ રસીકરણ ટીમ દ્વારા આપવામાં આવતી ટેબલેટ Azithromycin નો ડોઝ શંકાસ્પદ/ કન્ફર્મ બાળકોનાં કોન્ટેકટસ બાળકોને (સંસર્ગમાં આવેલ તમામ બાળકો) આપવાનો રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું તમામ સ્ટાફે પાલન કરવાનું રહેશે કોઇ પણ પ્રકારની મુશ્કેલી જણાય તો RCHO/EMO / ADHO/CDHO નો સંપર્ક કરવાનો રહેશે જેના મોબાઇલ નંબર નીચે પ્રમાણે રહેશે.

RCHO/ADHO:- 9727730005

EMO:- 9727730012

CDHO:-9727730002

ક્રમાંક/ ૪૫૨૫૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ: 23/10/૨૦૧૯

– નકલ રવાના જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

– પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ, નોનગ્રાન્ટેડ, સરકારી મા. અને ઉ.મા. શાળાઓ
તમામ.

Scanned by CamScanner